ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

રવિવાર ૨૬ એપ્રિલ, ૨૦૨૬ | **દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના જાહેર પ્રચારના પડઘમ થતાં જ ઉમેદવારો રાજકીય સોગઠાબાજીમાં વ્યસ્ત

દાહોદ જિલ્લામાં ચૂસ્ત બંદોબસ્ત વચ્ચે આજે મતદાન

(પ્રતિનિધિ) ગોધરા તા.25

દાહોદ નગરપાલિકાની ૨૯ બેઠકો, દાહોદ જિલ્લા પંચાયતની ૪૯ બેઠકો તેમજ તાલુકા પંચાયતની ૨૨ ૪બેઠકો માટે ચૂંટણી યોજાશે. જેને જાહેર પ્રચારના પડઘમ ગઈકાલ સાંજે જ શાંત પાડી ગયા હતા. છેલ્લા કેટલાક દિવસોથી રાજકીય પક્ષો ના ટોચના નેતાઓ સ્ટાર પ્રચારકો ઉમેદવારો દ્વારા જોરશોરથી ચલાવેલા મેરેથોન પ્રચાર અને વોટ્સઅપ - સોશિયલ મીડિયા તમામ પ્રકારના પ્રકારના પ્રચાર શાંત થઈ ગયા છે આજે તા 25 શનિવાર ના દિવસે મતદારો ને શાંતિ થી મનોમંથન કરી લેવા માટેનો સમય મળ્યો પરંતુ ઉમેદવારો એ સમય દરમિયાન સમાજ ના આગેવાનો મોભીયો ને મનાવવા રાજકીય ચોકઠા ચૂંટણીના દિવસની વ્યવસ્થાની ગોઠવણ કરવા અને આવતી કાલ તા 26 ના રોજ સવારે 7 વાગ્યા થી સાંજના છ વાગ્યા સુધી મતદાન થશે આ વખત ની ચૂંટણી ને ઐતિહાસિક અને વિધાન સભાની સેમી ફાઈનલ તરીકે જોવામાં આવી રહી છે કારણ કે તેના પરિણામો રાજ્ય માં આવનારી રાજકીય દીશા અને સમીકરણો માટે મહત્વ પૂર્ણ સંકેત આપનાર સાબિત થશે.

ડેમેજ કન્ટ્રોલ પ્રસાર કરવામાં ગોઠવવામાં પાંચ વર્ષના કામોના રિપોર્ટ કાર્ડ સાથે પ્રચાર અને ઉમેદવારો દ્વારા જંગી રેલીઓ યોજવામાં આવી હતી. પ્રચારની અંતિમ ક્ષણોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. તમામ રાજકીય પક્ષોએ મતદારોને પોતાના તરફ આકર્ષિત કરવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું.

ગઈ કાલે સાંજ સુધી તાલુકા નગરપાલિકા નોટિફાઇડ મહાનગર માટે સાંજનો સમય તરીકે અંતિમ વિચાર મંથનનો અવસર બન્યો હતો. રાજકીય પક્ષોએ ઉમેદવારો માટે આખરી સ્ટેજ-દર સ્ટેજ પ્રચાર, સભાઓ, સામાજિક મોબિલિટીમાં મનાવવા, રાજકીય સંદેશા-વિચારો-દરેકના વ્યક્તવ્ય તેજ મંગાવવામાં આવ્યા હતા. ક્રિટિકલ સમાજના પ્રશ્નો પર, રજુ કરેલામાં રોજ સમાચાર સામે વાચવા ઉભા થયેલા વોટને દબાવી દેવા મતદારોને પ્રેરિત કરવા અને મતદાર યોજના. આ પ્રચારની છેલ્લી તકે, પ્રચાર-વાણી અને વિધાનસભાની સીટો-ટાઉન-તરીકે જોવામાં આવી હતી કે, કાર્યકર્તાના પરિશ્રમે રાજ્યભર આ રાજકીય-ધન મનોબળ માટે મહત્વનો સંદેશ-પ્રચાર-ચાલિત થયું.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં સંખ્યાબંધ પ્રચારકાર્ય સ્થાપી ભારે તડકામાં આયોજન દમદાર ચૂંટણી પ્રચાર કરાયો છે. અસહ્ય ગરમીને કારણે ટેલિવિઝન-સભાઓ યોજવામાં નેતાઓ-ઉમેદવારોએ લોકોના પ્રશ્નો પકડી રાખી પોતાના વોટ આમ છતાં ઉઠકો અને મતદારો છોડ્યા નહીં. પ્રચાર-વાણીની હિસ્સેદારીને સમજીને તેમને ચરણ સીમાં જોવા મળ્યો હતો.

સારવાર દરમિયાન વૃદ્ધે દમ તોડ્યો

વેજલપુર કુમાર શાળા સામે વાહનની ટક્કરે વૃદ્ધનું મોત

(પ્રતિનિધિ) કાલોલ તા.25

કાલોલ તાલુકાના બેઢીયા ગામે રહેતા શનાભાઈ બાથાભાઈ ચૌહાણ ઉ. વ ૬૫ ગત રવિવારે સાંજના સમયે વેજલપુર કુમારશાળા સામે રોડ ઉપર ચાલતા જતા હતા તે દરમિયાન ફોર વ્હીલ ગાડી એચ આર ૩૧ એચ ૯૦૯૬ ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા વૃદ્ધને પાછળથી ટક્કર મારી દેતા તેઓને શરીરે નાની મોટી ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતાં. ઈજગ્રસ્ત વૃદ્ધને ગોધરા સીવિલ હોસ્પિટલ ખસેડાયા હતાં. બાદ વધુ સારવાર અર્થે કાલોલ ની ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવી પરત ફરતા હતા ત્યારે રસ્તામાં મરણ પામ્યા જે બાબતે વૃદ્ધના પુત્ર કાળુભાઈ શનાભાઈ ચૌહાણે વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફોર વ્હીલ ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

લખણપુર પાસે બે બાઈક વચ્ચે અકસ્માત, મહિલાનું મોત

(પ્રતિનિધિ) સુખસર તા.25

સુખસર તાલુકાના રાવળના વરુણા ગામના મુકેશભાઈ ભીખાભાઈ કટારા પોતાના પુત્રને સારવાર માટે ઝાલોદ લઈ ગયા બાદ પત્ની ગીતાબેન, પુત્ર દીપકભાઈ અને કુટુંબી દિલીપભાઈ સાથે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન લખણપુર નજીક કુંડલા ચોકડી પાસે સામેથી આવી રહેલી નંબર પ્લેટ વગરની સ્પ્લેન્ડર બાઇક સાથે અકસ્માત સર્જાયો હતો.જેમાં ગીતાબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે દીપકભાઈને ચહેરા અને આંખ પાસે ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા ઝાલોદ સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાંથી વધુ સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં રીફર કરાયા હતાં. સારવાર દરમિયાન શુક્રવારે ગીતાબેનનું મોત નિપજ્યું હતું. આ અકસ્માતમાં સ્પ્લેન્ડર બાઈકચાલક મોરવા હડફ તાલુકાના ભંડોઈ ગામનો હોવાનું સામે આવ્યું છે. મૃતકના પતિ મુકેશભાઈ કટારાની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ગામે નદી ફળિયાની ઘટના

દાપુના રૂપિયા માટે વ્યંઢળોએ બે છોકરાને માર મારી ધીંગાણું મચાવ્યું

(પ્રતિનિધિ) દાહોદ તા.25

દાહોદ શહેરના દર્પણ ટોકીઝ રોડ પર રહેતા અંજલીકુંવર સબાનાકુંવર, રાશિ કુંવર સબાનાકુંવર, રિયાકુંવર સબાનાકુંવર, રેશમાંકુંવર સબાના કુંવર નામના વ્યંઢળ ગરબાડાના અકમભાઈ સબ્બીરભાઈ લખારાની ઈક્કો ગાડીમાં બેસીને તેમજ સબાનાકુંવર કાજલકુંવર, શિલ્પાકુંવર સબાનાકુંવર, શાલુકુંવર સબાનાકુંવર એમ ત્રણે વ્યંઢળો રાણાપુર ખુદ ગામના અલ્પેશભાઈ સામાભાઈ ભાભોરની રિક્ષામાં બેસી દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ગામે નદી ફળિયામાં રહેતા સુરેશભાઈ સમુભાઈ બારીયાના ઘરે આવી, એક સંપ કરી, ગેરકાયદેસર મંડળી રચી દાપુના રૂપિયા લેવા માટે સુરેશભાઈ સમુભાઈ બારીયાના ઘરનું બારણું તોડી આશરે રૂપિયા પાંચ હજારનું નુકસાન પહોંચાડી બળજબરી પૂર્વક ઘરમાં ઘૂસી ગયા હતા. અને સુરેશભાઈ બારીયાના છોકરા વિશાલ સુરેશભાઈ બારીયાને ગડદાપાટુનો માર મારી તથા સુરેશભાઈ બારીયાના છોકરા વિપુલભાઈ બારીયાને ડાબા પગે તથા સાથળના ભાગે લાકડી વડે માર મારી ઈજા પહોંચાડી, બિભત્સ ગાળો બોલી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી ભારે ધીંગાણું મચાવ્યું હતું. આ સંબંધે ગલાલીયાવાડ નદી ફળિયામાં રહેતા સુરેશભાઈ સમુભાઈ બારીયાએ ફરિયાદ નોંધાવી છે.

દાહોદના પડાવમાં કેબિનમાં આગ લાગતા અફરાતફરી

(પ્રતિનિધિ) દાહોદ તા.25

દાહોદ શહેરમાં વધતી ગરમી સાથે વીતેલા દિવસે દરમિયાન આગના બનાવોમાં પણ વધારો થયો છે ગઈકાલે શહેરના પડાવ વિસ્તારમાં રાત્રિ દરમિયાન અગમ્ય કારણોસર એક કેબિનમાં આગ લાગતા ભારે અફરાતફરી સર્જાઈ હતી આ આગ લાગતા વિસ્તારના લોકો દોડી આવ્યા હતા અને આગ ઉપર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાની જાણ ફાયરને કરાતા ફાયર ના જવાનો એ આવી પાણીનો મારો કરી આગ ઉપર કાબુ મેળવ્યો હતો

જો કે ત્યાં સુધીમાં કેબિન બળીને ખાખ થતા કેબિન માલિકને ભારે નુકસાન થયું છે આગ લાગતા વિસ્તારમાં ચૂંટણી લડતાં ઉમેદવાર અને સમર્થકો પણ દોડી આવી સહાયતામાં લાગ્યા હતા

છોટાઉદેપુર પ્રાઈમ કો ઓપરેટીવ બેન્ક દ્વારા લોકર સુવિધા શરૂ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.25

છોટાઉદેપુર નગર માં અન્ય તમામ બેન્કિંગ સુવિધા ઓ ની સાથે નગરજનો ને વાજબી ખર્ચે ઉત્તમ કક્ષા ના આધુનિક સુરક્ષિત લોકર ની સુવિધા ની પણ જરૂરિયાત વર્તાતી હતી. નગર મધ્યે પોલીસ સ્ટેશન ની નજીક અને પેટ્રોલ પમ્પ ચાર રસ્તા જેવા જીવંત વિસ્તાર માં આવેલી પ્રાઈમ કો ઓપરેટીવ બેન્ક દ્વારા નગરજનો ની આ જરૂરિયાત પૂર્ણ કરવામાં આવી છે અને તારીખ 22 એપ્રિલ ના રોજ રીબીન કાપી દીપ પ્રગટાવી આધુનિક લોકર સુવિધા નું ઉદ્ઘાટન કર્યું હતું.

તાલુકા પંચાયતની 24માંથી 3 બેઠકો બિનહરીફ

હાલોલ તાલુકામાં ચૂંટણી માટે તંત્ર સજ્જ: આજે 21 બેઠકો પર મતદાન

(પ્રતિનિધિ) હાલોલ તા.25

આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાનને ધ્યાનમાં રાખીને હાલોલ તાલુકામાં વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરાઇ છે. તાલુકા પંચાયતની કુલ 24 બેઠકોમાંથી કંજરી, સાથરોટા અને ઘનશર બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઇ આવ્યા છે, જ્યારે બાકીની 21 બેઠકો માટે 56 ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર જામવાની છે. જિલ્લા પંચાયતની 5 બેઠકો માટે 15 ઉમેદવારો મેદાનમાં હોવાથી અહીં ત્રિપક્ષીય મુકાબલો જોવા મળી રહ્યો છે.ચૂંટણી પૂર્વે શનિવારે વહેલી સવારથી હાલોલના ગોધરા રોડ સ્થિત વી.એમ. શાહ સ્કૂલ કેમ્પસ પરથી તમામ મતદાન મથકો માટે ઇવીએમ

મશીનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તાલુકા પંચાયતની 21 બેઠકો માટે 148 મતદાન મથકો પર 148 ઇવીએમ મશીનો તથા જિલ્લા પંચાયતની 5 બેઠકો માટે 174 મતદાન મથકો પર 174 ઇવીએમ મશીનો ફાળવવામાં આવ્યા હતા.

સુખસર તાલુકાની હિંગલા પ્રાથમિક શાળાનું ગૌરવ

NMMS પરીક્ષામાં 7 વિદ્યાર્થી મેરીટ સ્કોલરશીપ માટે પસંદ

(પ્રતિનિધિ) સુખસર,તા.24

સુખસર તાલુકાની હિંગલા પ્રાથમિક શાળાએ ફરી એકવાર શિક્ષણ ક્ષેત્રે ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. સરકારી શાળા, સૌની શાળા ના સૂત્રને સાર્થક કરતી હિંગલા પ્રાથમિક શાળાએ NMMS પરીક્ષામાં સરકારી શાળાઓમાં સૌથી શ્રેષ્ઠ પરિણામ નોંધાવ્યું છે.શાળાના કુલ 7 વિદ્યાર્થીઓ મેરીટ સ્કોલરશીપ માટે પસંદગી પામ્યા છે.જે સુખસર તાલુકામાં પ્રથમ ક્રમે નોંધપાત્ર સિદ્ધિ માનવામાં આવે છે.આ વિદ્યાર્થીઓને અંદાજિત સાડા ત્રણ લાખ રૂપિયા જેટલી સ્કોલરશીપ મળવાની છે.જે તેમના ભવિષ્યના અભ્યાસ માટે પ્રેરણારૂપ બનશે. આ સફળતા પાછળ શાળા પરિવારની અથાગ મહેનત તેમજ માર્ગદર્શક શિક્ષકો રણજીતસિંહ ચૌહાણ અને રાજેશભાઈ ચાવડાનું વિશેષ યોગદાન રહ્યું છે.સમગ્ર શિક્ષકવૃંદે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન અને સતત પ્રોત્સાહન આપીને આ સફળતા સુધી પહોંચાડ્યા છે.

બાઇક પર સવાર અન્ય ઇસમને ગંભીર ઇજા પહોંચી

ધાવડિયા ગામે બાઈક ચાલકે કાબૂ ગુમાવતા અકસ્માતમાં મોત નીપજ્યું

(પ્રતિનિધિ) દાહોદ તા.25

ઝાલોદ તાલુકાના ધાવડિયા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નજીક હાઈવે રોડ પર બપોરના અઢી વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં લીમડી ગામે સરકારી દવાખાના પાછળ રહેતા ૨૯ વર્ષીય હરીશભાઈ બાબુભાઈ પરમાર પોતાના કબજાની જીજે ૨૦બીસી-૬૬૬૭ નંબરની મોટરસાયકલ પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ જઈ રહ્યો હતો તે વખતે ધાવડિયા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નજીક હાઈવે પર મોટરસાયકલ ની વધુ પડતી ઝડપને કારણે હરીશભાઈએ મોટરસાયકલના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા મોટરસાયકલ રોડની બાજુમાં આવેલ ગટરમાં ઉતરી જતા હરીશભાઈ ને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેઓનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે મોટરસાયકલ પર પાછળ બેઠેલ રાજેશભાઈ ઉર્ફે રાજુ ચુનીલાલ અમલીયારને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઘટનાની જાણ ઝાલોદ પોલીસને થતા ઝાલોદ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ગંભીર જાગ્રસ્ત રાજેશભાઈ ઉર્ફે રાજુ ચુનીલાલ અમલીયારને ૧૦૮ ઈમરજન્સી વાન મારફતે સારવાર અર્થે ઝાલોદ સરકારી દવાખાને મોકલી આપી મરણ જનાર હરીશભાઈ પરમાર ની લાશનું પંચો રૂબરૂ પંચનામું કરી લાશને પોસ્ટ મોર્ટેમ માટે ઝાલોદ સરકારી દવાખાને મોકલી આપી હતી.

ડીહાઈડ્રેશન અને હીટસ્ટ્રોકના કેસો વધવાની પૂરેપૂરી સંભાવના

પંચમહાલમાં ભીષણ ગરમી વચ્ચે પારો ૪૩ ડિગ્રીએ : લગ્નગાળામાં લોકો શેકાયા

(પ્રતિનિધિ) ગોધરા તા.25

સમગ્ર પંચમહાલ જિલ્લા અને ખાસ કરીને ગોધરા તાલુકાના વિસ્તારોમાં એપ્રિલ મહિનામાં જ સૂર્યનારાયણે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. જિલ્લામાં તાપમાનનો પારો ૪૨ થી ૪૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જતાં આકાશમાંથી જાણે અગનજ્વાળાઓ વરસી રહી હોય તેવી કાળઝાળ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. અસહ્ય ઉકળાટ અને આકરા તાપમાં લોકો ભારે શેકાઈ રહ્યા છે. હાલ સમગ્ર પંચમહાલ જિલ્લામાં લગ્નસરાની મોસમ પૂરબહારમાં ચાલી રહી છે. એક તરફ લોકો ભારે ઉત્સાહ અને ધામધૂમ પૂર્વક લગ્નની મજા માણી રહ્યા છે, તો બીજી તરફ બપોરના સમયે વધતા જતા ગરમીના પ્રમાણે લોકોની કસોટી કરી નાખી છે. ખુલ્લા પંડાલો કે બપોરના આયોજનોમાં હાજરી આપતા લોકો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે. ઉજવણીના માહોલ વચ્ચે અસહ્ય ગરમી એક મોટો વિઘ્ન બનીને સામે આવી છે. હવામાન નિષ્ણાતોના મતે ૪૨ ડિગ્રીથી વધુ તાપમાન એટલે અત્યંત ભારે ગરમી ગણાય છે. ખાસ કરીને પંચમહાલ અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં, એપ્રિલ મહિનાની આ કાળઝાળ ગરમીમાં લૂ (હીટવેવ) લાગવાનો ખતરો સૌથી વધુ રહેલો છે. આટલું ઊંચું તાપમાન સીધું જ લોકોના સ્વાસ્થ્ય માટે જોખમી માનવામાં આવે છે. જેના કારણે ડીહાઈડ્રેશન અને હીટસ્ટ્રોકના કેસો વધવાની પૂરેપૂરી સંભાવના છે. આકરી ગરમી અને હીટવેવથી બચવા માટે તકેદારી રાખવી અત્યંત જરૂરી છે. પુષ્કળ પ્રમાણમાં પાણી પીવો. તરસ ન લાગી હોય તો પણ નિયમિત સમયાંતરે પાણી પીતા રહેવું. લીંબુ પાણી, છાશ, નાળિયેર પાણી, ઓઆરએસ (ORS) અને તાજા ફળોના રસનું વધુને વધુ સેવન કરવું.

લગ્નના શુભ પ્રસંગ વચ્ચે લોકશાહી પ્રત્યેની જવાબદારી નિભાવવાનો સંદેશ

લગ્નના મંગળફેરા પછી સીધા મતદાન મથકે પહોંચશે વરરાજા પાર્થ હરાલ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

લોકશાહી પ્રત્યેની જવાબદારીનું અનોખું ઉદાહરણ શહેરના ફતેગંજ વિસ્તારમાં રહેતા યુવાન પાર્થ આનંદરાવ હરાલ દ્વારા જોવા મળશે. તા. ૨૬ એપ્રિલના રોજ તેમના નિશાલી બહાદુર્ગે સાથે લગ્ન નિર્ધારિત હોવા છતાં તેઓ લગ્નવિધિ પૂર્ણ કર્યા બાદ તરત જ મતદાન કરવાની ફરજ નિભાવશે. ફતેગંજની પત્રકાર સોસાયટીમાં રહેતા પાર્થ હરાલ લગ્નના મંગળફેરા અને અન્ય ધાર્મિક વિધિઓ પૂર્ણ કર્યા બાદ બપોરે લગભગ ૩ વાગ્યે નવયુગ વિદ્યાલય, ફતેગંજ ખાતે પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. લગ્ન જેવા મહત્વપૂર્ણ જીવનપ્રસંગ વચ્ચે પણ મતદાનને પ્રાથમિકતા આપવાનો તેમનો નિર્ણય લોકશાહી પ્રત્યેની જાગૃતિ અને જવાબદારીનો સંદેશ આપે છે. આ ઘટનાથી યુવાનોમાં મતદાન પ્રત્યે પ્રેરણા મળે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. ચૂંટણી જેવા લોકશાહી ઉત્સવમાં દરેક નાગરિકની ભાગીદારી જરૂરી હોવાનું પાર્થ હરાલનું પગલું ફરી એકવાર સ્પષ્ટ કરે છે. લગ્ન જેવા ખાસ દિવસે પણ મતદાન કરવાની તેમની પ્રતિબદ્ધતા સમાજ માટે એક પ્રેરણાત્મક ઉદાહરણ બની રહી છે.

પંચમહાલના ચૂંટણી અધિકારીની અચૂક મતદાન કરવા અપીલ

પંચમહાલ: પંચમહાલ જિલ્લા કલેક્ટર કચેરી ખાતેના સભાખંડ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી તથા જિલ્લા કલેકટર અજય દહિયાની અધ્યક્ષતામાં મતદાન જાગૃતિ અંગે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. પંચમહાલ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર અજય દહિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે,આગામી ૨૬ એપ્રિલ ૨૦૨૬, રવિવારના રોજ યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે. તથા તે માટે તેમણે જિલ્લાના તમામ મતદારોને આ લોકશાહીના પર્વમાં ઉત્સાહભેર સહભાગી થવા આહ્વાન કર્યું હતું.

કડક સુરક્ષા વચ્ચે વિતરણ

કાલોલ સ્થાનિક સ્વરાજની ચૂંટણી લઈને EVMની પેટીઓ રવાના

(પ્રતિનિધિ) ગોધરા તા.25

કાલોલ ખાતે આગામી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે તંત્ર સજ્જ બન્યું છે ત્યારે કાલોલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જીલ્લા પંચાયતની પાંચ બેઠકો પૈકી કરોલી જીલ્લા પંચાયત બેઠક બીનહરીફ થઈ હતી જ્યારે તાલુકા પંચાયત ૨૪ બેઠકો પૈકી ચલાલી,અડાદરા, વ્યાસડા,ડેરોલ સ્ટેશન,કરોલી અને ખરસાલીયા આમ છ બેઠક બીનહરીફ થઈ હતી જ્યાં શનિવારે કાલોલની એમ.એમ.ગાંધી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતેથી ચાર જીલ્લા પંચાયત અને ૧૮ તાલુકા પંચાયતની બેઠકો ને લઈ વિવિધ મતદાન મથકો માટે EVM અને VVPAT મશીનની પેટીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યાં ચૂંટણી અધિકારીની હાજરીમાં સ્ટ્રોંગ રૂમ

ખોલવામાં આવ્યો હતો. ત્યારબાદ ઝોનલ અધિકારીઓ અને મતદાન સ્ટાફને EVM મશીન, કંટ્રોલ યુનિટ, VVPAT સહિતની ચૂંટણીલક્ષી સામગ્રીની પેટીઓ સોંપવામાં આવી હતી અને કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે વાહનોમાં EVM મશીનની પેટીઓ લઈ જતા કર્મચારીઓના દ્રશ્યો જોવા મળ્યા હતા.

ધાનપુર પાટડીમાં વિકાસના નામે આપદા, ગ્રામજનોમાં અસંતોષ

(પ્રતિનિધિ) લીમખેડા તા.25

લીમખેડા તાલુકાના ધાનપુર પાટડી ગામમાં વિકાસના નામે સરકારી તંત્રની નિષ્ફળતા સામે ગ્રામજનોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. વિકાસના કામોએ લોકોને રાહત આપવાને બદલે મુશ્કેલીમાં ધકેલી દીધા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ગ્રામજનોને વિવિધ સરકારી યોજનાઓનો લાભ મળતો નથી અને ખાસ કરીને વિધવા સહાય યોજનામાં ગેરવહીવટની ફરિયાદો ઉઠી છે. અનેક પાત્ર બહેનોને આજદિન સુધી સહાય મળી નથી તેમજ યોગ્ય સર્વે પણ કરવામાં આવ્યો નથી. ગામમાં બનેલો નવો કોરિડોર રસ્તો આશીર્વાદના બદલે શાપ સાબિત થયો છે.

તંત્રના અણઘડ આયોજનને કારણે આશરે 50 ઘરો માટે અવરજવરનો માર્ગ સંપૂર્ણ બંધ થઈ ગયો છે, જેના કારણે વિદ્યાર્થીઓ અને નોકરીયાતોને રોજિંદી મુશ્કેલીઓ ભોગવવી પડે છે.

એલસીબીની પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે કાર્યવાહી

વેજલપુરમાં IPL પર ઓનલાઈન સટ્ટો રમતો શખ્સ આબાદ ઝડપાયો

(પ્રતિનિધિ) કાલોલ તા.25

ચાલી રહેલી IPL ક્રિકેટ મેચ દરમિયાન ઓનલાઈન સટ્ટાખોરી સામે કાર્યવાહી કરતા એલસીબી પોલીસે વેજલપુર વિસ્તારમાંથી એક શખ્સને ઝડપી પાડી તેની પાસેથી કુલ ૭૭,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

માહિતી મુજબ એલસીબી પોલીસ સ્ટાફ શુક્રવારે રાત્રે વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે બાતમી મળી હતી કે પ્રભાત કોમ્પ્લેક્સ નજીક નાના મહોલ્લા વિસ્તારમાં તોહસિફ સોકત નાના નામનો વ્યક્તિ હાલ ચાલી રહેલી IPL મેચ પર ઓનલાઈન સટ્ટો રમી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર પહોંચી કાર્યવાહી કરી હતી.

તપાસ દરમિયાન પોલીસે એક વ્યક્તિને મોબાઈલ ફોનમાં સટ્ટાખોરી કરતા ઝડપી પાડ્યો હતો. પૂછપરછ દરમિયાન તેણે ગુજરાત ટાઈટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર વચ્ચેની મેચ પર ઓનલાઈન સટ્ટો રમતો હોવાની કબૂલાત કરી હતી. મોબાઈલમાં ઉપયોગમાં લેવાતી સટ્ટાની આઈડીમાં અંદાજે ૧૦ લાખની ક્રેડિટ મર્યાદા હોવાનું પણ સામે આવ્યું હતું.પોલીસે આરોપી પાસેથી ૧૦,૦૦૦નો મોબાઈલ અને અંગઝડતીમાંથી ૬૭,૮૦૦ રોકડ મળી કુલ ૭૭,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ અંગે વેજલપુર પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.